# પ્રાંતિજના ધડકણ ખાતે આઠમા દિવસે મહા આરતી યોજાઈ



સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના ધડકણ ખાતે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ નવરાત્રીના આઠમા નોરતે આઠમ ના દિવસે સમુહ આરતી યોજાઈ. પ્રાંતિજ તાલુકાના ધડકણ ખાતે વર્ષોથી ગામમા એકજ સ્થળે નવરાત્રી યોજાય છે અને ગામમા રહેતા દરેક સમાજ ના લોકો એકજ માંડવડી મા નવરાત્રી યોજાય છે તો નવરાત્રી માઇ મંડળ દ્વારા દર વર્ષે આઠ ના દિવસે સમુહ આરતી નુ આયોજન કરવામા આવે છે જેમા સમુહ આરતી મા મુખ્ય આરતી માટે જાહેર મા ઉછામણી કરવામા આવેછે જેમા આ વર્ષે ૧,૫૧,૦૦૦ મા આરતીં જીછ રહેતા પટેલ વિપુલભાઈ રણછોડભાઈ પરિવાર દ્વારા મુખ્ય આરતી નો લાભ લીધો હતો તો દરેક સમાજ ના લોકોએ સમુહ આરતી મા લાભ લીધો હતી અને આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી તો દર વર્ષની જેમ આ વર્ષેપણ યુવક મંડળ દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.

## ભિલોડામાં શ્રી ઉમિયા ગરબી મંડળ દ્વારા સમુહ આરતી દરમિયાન હજ્જારો માંઈ-ભકતો ઉમટ્યા



ભિલોડામાં શ્રી ઉમિયા ગરબી મંડળ ધ્વારા નવલી નવરાત્રીની મહોત્સવ પાવન પર્વ આઠમ નિમિત્તે માંઈ - ભક્તો ધ્વારા સમુહ આરતીનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ દરમિયાન હજ્જારો માંઈ - ભક્તો ભકિતભાવ પુર્વક શ્રધ્ધાભેર જોડાયા હતા.માંઈ - ભક્તોએ સમુહ આરતીમાં શ્રધ્ધાભેર ભાગ લીધો હતો.નવલી નવરાત્રી મહોત્સવ દરમિયાન અબાલ,વૃધ્ધ સહિત યુવાધન ગાયકવૃંદના તાલે હિલોડે ચઠયું હતું.ખૈલેયાઓનો ઉત્સાહ ચરમસીમાએ જોવા મળ્યો હતો.ભિલોડા શ્રી ઉમિયા ગરબી મંડળ,પ્રમુખ હર્ષદભાઈ સોની,પિનાકીનભાઈ પટેલ,અનિકેત પટેલ,નટુભાઈ પાટીદાર,કમલેશભાઈ પટેલ,પ્રફુલભાઈ રાવલ,રાજુભાઈ પોરવાલ,મિતેશભાઈ ભાવસાર, કિરણભાઈ પંચાલ,હેમંતભાઈ લીંબાણી,જતીનભાઈ પટેલ,વિકાસભાઈ શાહ સહિત સેવાભાવી આયોજકોએ દાતાઓનું વિશેષ સન્માન કર્યુ હતું.આદ્યશકિત,જગત જનની અંબે માં ની મહા આરતી દરમિયાન માંઈ - ભક્તોએ હાથમાં શુસોભિત આરતી અને દિવડા હાથમાં લઈને માતાજીની આરતી ભકિતભાવ પુર્વક ઉતારી હતી.મહા આરતી દરમિયાન દિવડાઓના દિવ્ય ઝગમગાટથી અલૌકિક અજવાળુ પ્રગટ થયું હતું.માંઈ - ભક્તોએ અંબે માં ના દર્શન કરીને પ્રસાદી મેળવી ધન્યતા અનુભવી હતી.

## ભિલોડા ચોકલી ચોકમાં આઠમ નિમિત્તે માતાજીનો દેખાવ યોજાયો



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે શ્રી લક્ષ્મીનારાયણ મંદિર,ચોકલી ચોકમાં શ્રી નવદુર્ગા મંડળના સેવાભાવી માંઈ - ભક્તો અને આયોજકો ધ્વારા નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે શ્રધ્ધાભેર રાસ - ગરબાનું આયોજન કરાયું હતું. વડીલો પાર્જીત વર્ષોની પરંપરા અનુસાર આઠમની મધ્ય રાત્રે માતાજીનો દેખાવ અને સમુહ આરતીનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમનું આયોજન કરાયું હતું.બાળ કુંવારી બાળાનું વિધિ-વિધાન પુર્વક પુજન,અર્ચન કરીને સમુહ આરતીનું આયોજન કરાયું હતું.માંઈ - ભક્તોએ સમુહ આરતીમાં શ્રધ્ધાભેર ભાગ લીધો હતા.માંઈ - ભક્તોએ દર્શન કરીને પ્રસાદી મેળવી ધન્યતા અનુભવી હતી.

## ધાડા ગામે નવરાત્રી મહોત્સવમાં રાસ- ગરબાની રમઝટ જામી



ડીસા, તા. ૪

જયશ્રી ઈસ્માની ગૃપ યુવા મિત્ર મંડળ દ્વારા ઘાડા ગામે નવલી નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં ક્ષત્રિય સમાજના ગાયક કલાકારો દ્વારા આધુનિક ડીજે સાઉન્ડના તાલે રાસ ગરબાની રમઝટ બોલાવી હતી જેમાં હેતલબા દરબારના સૂરોના સથવારે રાસ ગરબાની રમઝટ બોલાવી હતી.આ ગરબા મહોત્સવમાં ક્ષત્રિય સમાજના અગ્રણી અને રાજપૂત સમાજના પ્રમુખ ભામાશાની છાપ ધરાવતા બહાદુરસિંહ વાઘેલાનું આજે આઠમા નોરતે ઈસ્માની ગૃપ યુવા મિત્ર મંડળ દ્વારા સાફો પહેરાવી પુષ્પગુચ્છ અર્પણ કરી સાલ ઓઢાડી ભવ્યાતિભવ્ય સન્માન કરવામાં આવ્યું હતુ તથા તેમની ટીમનુ? પણ સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું ત્યારે ભામાશા એવા બહાદુરસિંહ વાઘેલા દ્વારા એક લાખ એક હજાર રોકડા રૂપિયા નવયુવક મંડળને આપ્યા હતા.ત્યારબાદ બહાદુરસિંહ વાઘેલાના હસ્તે આદ્યશક્તિની ૧૦૮ દિવડાની મહાઆરતી કરવામાં આવી હતી અને ૫૧ જેટલી બહેનોએ આરતી ઉતારી હતી. આ નવરાત્રિ મહોત્સવ નિમિત્તે ગુજરાત ક્ષત્રિય સમાજના અગ્રણી બહાદુરસિંહ વાઘેલા, કનુભાઈ ?ત્રિવેદી, સરપંચ રૂપસિંહ નાથુસિહ પૂર્વ સરપંચ બાબરસિહ નાનુભા બકુસિગ ભારતસિંહ તથા કિશનસિંહ ગણપતસિંહ,નરપતસિહ ઘાડા સરપંચ બાબરસિહ તેમજ નામી અનામી લોકો ઉપસ્થિત રહ્યા હતા વધુમાં ઉલ્લેખનીય છે કે બહાદુરસિંહ વાઘેલા દ્વારા ઘાડા ગ્રામજનોને આહ્વાન કર્યું હતું કે ગામમાંથી વ્યસનોને દેશવટો આપી સાથે સમાજમાં ઘર કરી ગયેલા કુરિવાજો બંધ કરી શિક્ષણની જ્યોત જગાવવા જણાવ્યું હતું

# અરવલ્લીનું ગૌરવ–વડોદરાના ફાર્મા ઉદ્યોગપતિ મોહનભાઈ પી. પટેલની ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીયલ એન્ડ ઈકોનોમિક ગ્રોથ-વડોદરાના ઉપપ્રમુખ તરીકે નિયુક્તિ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૪

અરવલ્લી જિલ્લાના વતની અને વડોદરાને કર્મભૂમિ બનાવનાર ફાર્મા ઉદ્યોગપતિ મોહનભાઈ પી. પટેલ(નવીશિણોલ, તા.ધનસુરા)ની યશસ્વી કામગીરીને ધ્યાને લઈ ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીયલ એન્ડ ઈકોનોમિક ગ્રોથ દ્વારા વડોદરાના ઉપપ્રમુખ તરીકે નિયુક્તિ કરાતાં અગ્રણી ઉદ્યોગપતિઓએ તેમની નિયુક્તિને આવકારી અઢળક શુભકામનાઓ પાઠવી છે. તેઓએ સામાજીક તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં પણ પોતાનું આગવું યોગદાન આપી જીંદાદિલ સ્વભાવનો સૌને અગાઉ પરિચય કરાવ્યો છે.પ્રાપ્ત જાણકારી અનુસાર વર્ષોથી વડોદરામાં સ્થાયી થયેલા અને ફાર્મા ઉદ્યોગપતિ મોહનભાઈ પટેલે અનેક સેવાકીય કાર્યો થકી વતનની સુવાસને રાજ્યના ખૂણે ખૂણે સુધી પથરાવી છે. ઉદ્યોગપતિ હોવા છતાં અત્યંત સરળ



અને મૃદુ સ્વભાવના કારણે તેઓ સર્વ સમાજમાં લોકપ્રિય રહ્યા છે. અગાઉ રાજ્ય સરકારે પણ તેમની વિશિષ્ટ કામગીરીની નોંધ લીધી હતી. ત્યારબાદ ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીયલ એન્ડ ઈકોનોમિક ગ્રોથ દ્વારા તેમની એફ.આઈ.ઈ.જી.- વડોદરાના વાઈસ પ્રેસીડેન્ટ તરીકે નિયુક્ત કરાતાં એફ.આઈ.ઈ.જી. ઈન્ડીયાના સર્વ સભ્યોએ તેમને અભિનંદન પાઠવ્યા છે.

### બી. ટી. ફોઉન્ડેશન સંચાલિત

# મરિયમબેન બાબુભાઈ ટાઢા ગરીબ નવાઝ સારવાર કેન્દ્ર, મોડાસા બે વર્ષ પુરા કરી ત્રીજા વર્ષમાં પ્રવેશ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૪

ગરીબ નવાઝ સારવાર કેન્દ્ર, મોડાસા નો એક જ કેન્દ્રનો સિદ્ધાંત કોઈપણ નાત - જાત - ધર્મ ના ભેદભાવ વિના ફક્ત રૂપિયા ૧૦/- માં પ્રાથમિક સારવાર. જેમાં અલ્પ સાધન ધરાવતા વ્યક્તિ ને દવા, ઈન્જેકશન, દવા બોટલ, લેબોરેટરી ની સારવાર તથા જનરલ દર્દીઓની



પણ સારવાર. રોજની ૧૫૦ થી ૨૦૦ ની ઓપીડી. છેલ્લા બે વર્ષમાં આ સારવાર કેન્દ્રમાં એક લાખથી વધુ લોકોએ આ સારવાર કેન્દ્રનો લાભ લીધો છે. કોવીડ - ૧૯ માં જરૂરિયાત મંદ લોકોએ લેબોરેટરી - ઓક્સીજન સિલિન્ડર ની પણ સેવા વિના મુલ્યે આપવામાં આવેલ. મરિયમબેન બાબુભાઈ ટાઢા ગરીબ નવાઝ સારવાર કેન્દ્રના પ્રોજેક્ટની જવાબદારી સલીમભાઈ પટેલ (એસેન્ટ) સુપ્રિટેન્ડેન્ટ એ કોઈપણ જાતના વેતન લીધા વિના જવાબદારી સ્વીકારી હતી. બે વર્ષ પૂર્ણ થતા તે કામગીરી સમાજના સમક્ષ જોવાઈ રહી છે અને તેમને દરેક સમાજમાંથી પ્રશંસા મળી રહે છે, ડૉક્ટર જાસ્મિનબેન પહોંચીયા મેડિકલ ઓફિસર, સાનિયા કુસકીવાલા - ફેસલ સુથાર - સારા ઈપ્રોલીયા નર્સિંગ સ્ટાફ - ક્રિષ્ના સુતરીયા, સીમા મનવા - લેબ ટેક્નિશિયન તથા ડો, ખદીજા મલેકજી (માનદ સેવા). જુંબેદાબેન મોડાસીયા (માનદ સેવા) , સિરાજભાઈ સુથાર (માનદ સેવા) આ તમામ ને બી.ટી. ફોઉન્ડેશન ના મેનેજીંગ ટ્રસ્ટી મ.યુસુફ ઈસ્માઈલભાઈ ટાઢા (બાબુભાઈ ટાઢા સાહેબ) શુભેચ્છા પાઠવી રહ્યા છે. જરૂરિયાતમંદ લોકોને પ્રાથમિક સારવાર પુરી પાડી સતત ૨ વર્ષથી જનસેવાનો જુસ્સો જાળવી ૪ ઓક્ટોબર ના રોજ ત્રીજા વર્ષમાં પ્રવેશ કરી રહેલ ગરીબ નવાજ સારવાર કેન્દ્ર મોડાસાની કામગીરી અભિનંદનીય છે.ભવિષ્યમાં આ ઉમદા કામગીરી જાળવી રાખો તેવી શુભેચ્છા. માનનીય મુખ્યમંત્રીશ્રી - ગુજરાત રાજય દ્વારા બી. ટી. ફોઉંડેશન સંચાલિત ગરીબ નવાજ સારવાર કેન્દ્ર - મોડાસા ના સંચાલક મંડળ ને સુભેચ્છા સંદેશ પાઠવેલ છે. તે બદલ બી. ટી. ફોઉન્ડેશન સંચાલિત મરિયમબેન બાબુભાઈ ટાઢા ગરીબ નવાજ સારવાર કેન્દ્ર તેમનો આભાર માને છે. તથા આ પ્રસંગે સમાજના આગેવાનો તથા સામાજિક સંસ્થાઓએ સુભેચ્છા પાઠવી હતી.

### નવરાત્રિ સમયે સરકારની તિજોરી આવકથી છલકાઈ

# અરવલ્લી જિલ્લામાં દસ્તાવેજ નોંધણીમાં સરકારની તિજોરીને રૂા. ૮૩ લાખની આવક

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૪

શક્તિ આરાધનાનું પર્વ નવરાત્રિ દરમ્યાન સરકારની તિજોરી આવકથી છલકાઈ હોવાની વિગતો સામે આવી છે. માત્ર અરવલ્લી જિલ્લામાં નવરાત્રિના ૭ દિવસ દરમ્યાન ૨૨૯ દસ્તાવેજની નોંધણી થઈ છે જેમાં સ્ટેમ્પ તેમજ નોંધણી ફી ની રુ ૮૩,૩૯,૨૪૯ની આવક થયાનું અરવલ્લી જિલ્લા દસ્તાવેજ નોંધણી વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે. આગામી દિવાળી પહેલાં સરકારી તિજોરીને દસ્તાવેજ નોંધણી પેટે બમ્પર આવક થઈ શકે છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર પાછલા ૨ વર્ષ દરમ્યાન કોરીનાના કારણે મોટાભાગના ધંધા-રોજગાર પડી ભાંગ્યા હતા. એક તબક્કે તો પ્રજાને આર્થિક સંકળામણ ઉભું થતાં પોતાની મિલ્કત વેચવી હતી પરંતુ કોરોના સમયમાં કોઈ ખરીદનાર ન હતું પરંતુ હવે કોરોનાનું સંક્રમણ હળવું થયા પછી ખાસ કરીને સપ્ટેમ્બર માસના છેલ્લા સપ્તાહથી જિલ્લાના રીયલ એસ્ટેટમાં તેજીનો તોખાર જોવા મળી રહ્યો છે. અરવલ્લી જિલ્લાના કેટલાક શહેરી વિસ્તારો રહેણાંક હબ તરીકે વિકસિત થયા છે. કેટલાક વિસ્તારો કોમર્શિયલ હબ તરીકે ઉભરી આવ્યા છે અને શ્રાદ્ધ પક્ષ પછી નવરાત્રિ શરુ થતાં જિલ્લામાં દસ્તાવેજ નોંધણી કચેરીએ અનેક મિલ્કત ખરીદનારા લોકો દસ્તાવેજની નોંધણી માટે આવતાં નોટરી તેમજ દસ્તાવેજ નોંધણી કચેરીએ ભીડ જોવા મળી રહી છે. અરવલ્લી જિલ્લા દસ્તાવેજ નોંધણી વિભાગના સૂત્રોનું માનીએ તો તા.૨ ૬ સપ્ટેમ્બર થી ૩ ઓકટોબર-૨૦૨૨ દરમ્યાન ૩૯ દસ્તાવેજોની નોંધણી થઈ છે અને તેમાં રૂ ૮૩ લાખથી વધુની આવક સરકારી તિજોરીમાં જમા થઈ છે.

| નોંધાયેલ દસ્તાવેજ | સ્ટેમ્પની આવક | નોંધણી ફીની આવક |
|---|---|---|
| ૩૨૯ | ૬૯,૮૧,૯૭૪ | રૂા. ૧૩,૫૧,૨૭૫ |

# ઉભરાણમાં વિજ થાંભલા ઉપર લીલીવેલનો જમાવડો, દુર્ઘટનાનો ભય

### વિજ કંપનીનું મેન્ટેનન્સ માત્ર કાગળ ઉપર ચાલતું હોવાનો ખેડૂતોનો આરોપ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૪

માલપુર તાલુકાના ઉભરાણમાં વિજ થાંભલા ઉપર લીલીવેલનો જમાવડો થતાં ગમે ત્યારે કરંટ લાગવાની દુર્ઘટનાનો ભય હાવિ થયો છે. ડી.પી.વાળા વિજપોલ પાસેથી દરરોજ વિજ તંત્રના કર્મચારીઓ પસાર થતા હોવા છતાં કેમ નજર અંદાજ કરી રહ્યા છે તે ખેડૂતોને સમજાતું નથી. પ્રાપ્ત જાણકારી અનુસાર તાલુકાના પશ્ચિમ પટ્ટાના અનેક ગામોમાં વિજ તંત્રની બેદરકારીના કારણે વિજ થાંભલા ઉપર લીલીવેલનો જમાવડો થયો છે. મહિનામાં એકાદ-બે વખત મેન્ટેનન્સના નામે વિજ પુરવઠો બંધ રાખવામાં આવે છે પરંતુ જોખમી ઝાડનાં ડાળો તેમજ ડી.પી. અને વિજપોલ આસપાસ વિંટળાયેલા લીલાવેલા કેમ તંત્રને દેખાતા નથી ?? તેવા ચોટદાર સવાલ થઈ રહ્યા છે. આ વિસ્તારના ખેડૂત અને સહકારી આગેવાન ગોપાલભાઈ એમ. પટેલે જણાવ્યું કે ખેતી વિષયક



વિજ પુરવઠો આપતી વિજલાઈન ઉપર વેલનો જમાવડો થયો છે અને અનેકવાર હાઈ-લો વોલ્ટેજની સમસ્યા હોવા છતાં બેદરકાર વિજ તંત્ર જોખમી વેલા દૂર કરાવતું નથી જેથી કોઈ દુર્ઘટના સર્જાય તે પહેલાં આવા વેલા દૂર કરવાની આ વિસ્તારના ખેડૂતોએ માંગ કરી છે.









## ડીસામાં ભારત વિકાસ પરિષદના નવરાત્રિ મહોત્સવમાં રાસ ગરબાની રમઝટ

ડીસાના પાટણ હાઈવે પર આવેલ શુભમ પાર્ટી પ્લોટ ખાતે ભારત વિકાસ પરિષદ દ્વારા નવરાત્રી મહોત્સવ નિમિ રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેલૈયાઓએ આધુનિક ડીજેના તાલે રાસ ગરબાની રમઝટ જમાવી હતી. જેમાં કલાકારો દ્વારા પ્રથમ આદ્યશક્તિ માં ભવાનીની સ્તુતિ બાદ આરતી પૂજા અર્ચના કરી રાસ ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. જેમાં અવનવા પરિધાનો ધારણ કરી ખેલૈયાઓએ મોડી રાત સુધી રાસ ગરબાની રમઝટ જમાવી હતી. જ્યારે આજે ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા, જિલ્લા ઉપાધ્યક્ષ કૈલાશભાઇ ગેલોત,ડીસા શહેર ભાજપ પ્રમુખ પ્રતિક પઢીયાર, મહામંત્રી હકમાજી જોષી તથા રાકેશભાઈ પટેલ તેમજ ભારતીય જનતા પાર્ટીના વિવિધ હોદ્દેદારો સહિત કાર્યકરો સાથે સમર્થકો તથા ભારત વિકાસ પરિષદના અગ્રણીજનો દ્વારા જગત જનની મા અંબાની અનન્ય ભાવે ગુણલા ગાતા પૂજા અર્ચના અને આરતી કરવામાં આવી હતી. જે નવરાત્રી મહોત્સવ કાર્યક્રમમાં ભારત વિકાસ પરિષદના નામી અનામી હોદ્દેદારો કાર્યકરો સમર્થકો અને આમ જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


















## ઇંધણા વીણવા ગઈ’તી મોરી સહિયર”... તાલે મોડાસામાં આઠમાં નોરતે ખેલૈયા ખિલી ઉઠ્યા

મોડાસા સહીત અરવલ્લી જીલ્લામાં નવરાત્રીના અંતિમ પડાવમાં ગરબા સ્થળોએ ઉમંગ-ઉલ્લાસ સાથે ખેલૈયાઓ ઉમટ્યા હતા મોડાસાના રમઝટ નવરાત્રી, રામપાર્ક મેદાન અને કુમકુમ પાર્ટી પ્લોટમાં માં આદ્યશક્તિની આરતી યોજાયા બાદ ખેલૈયાઓ,મહિલાઓ અને યુવતીઓ ગરબે ઘૂમી હતી ચારે બાજુ વાતાવરણમાં ‘‘ઇંધણા વીણવા ગઈતી મોરી સહિયર’’ સહિતના ગરબાની ગુંજ સંભળાઈ હતી